॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

**૧૬ જુલાઈ ૨૦૨૩ – મહિલા મંડળ શ્રેણી – ૫ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

---

(૩૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૦)**

૧. અન્નત્થણાભોગેણં ...... વોસિરામિ ૨. ધર્મગુરુ ...... મુનિરાજ ૩. છવ્વીસાએ ...... એગૂણતીસાએ

૪. જીવા વિ ...... ન કેણઈ ૫. પાંચમા આવશ્યકનો મૂળ પાઠ લખો.

**(આ) નીચેના શબ્દોના અર્થ લખી કયા પાઠમાં આવે છે? તે લખો. (૫)**

૧. ફાસુય ૨. ખાતરખણી ૩. ભોયણા ઉ ૪. પમાયાચરિયં ૫. જાણી પ્રીછી

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૫)**

૧. એક દિવસ અને રાત્રિ સુધી ૨. પ્રકારના ૩. ખીસાં કાતરી ૪. મોટકા મૈથુનથી

૫. રૂપું તથા સોનાની જે મર્યાદા કરી હોય

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. અપરિગ્રહ વ્રતનું પાલન શા માટે કરવું જોઈએ? ૨. પ્રહર એટલે શું? તેને બીજું શું કહેવાય છે?

૩. મર્યાદા બહાર જવાનો ત્યાગ કરવાથી શું લાભ થાય છે? ૪. શરીરને પીડાકારીના ઉદાહરણ આપો.

૫. આઠમા વ્રતની કોટિ કેટલી? કેટલા સમયનું છે? ૬. અદત્તાદાન એટલે શું?

૭. બારમા વ્રતમાં શેની ભાવના ભાવવામાં આવે છે? ૮. શક્રસ્તવ એટલે શું?

૯. દશમા વ્રતમાં શેની મર્યાદા કરવામાં આવે છે? ૧૦. અતિચાર કોને કહે છે? તે કેટલા છે?

(૫૦)

**પ્ર.૨ (અ) છ આરાના આધારે લખો. (૨૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. ચોથા આરાના છેડે કેટલા અને કયા બોલ વિચ્છેદ ગયા? (૫)

૨. ઉત્સર્પિણી કાળના બીજા આરામાં કેટલા વરસાદ પડશે? કયા કયા? માત્ર નામ લખો. (૨×૫)

૩. આરા કોને કહે છે? આરા કેટલા છે? કયા કયા? એક કાળચક્રમાં કેટલા આરા છે?

૪. અવસર્પિણી કાળના છટ્ઠા આરાની પાંસળી, સંસ્થાન, ધરતીની સરસાઈ લખો.

૫. જુગલિયા કેટલા આરા સુધી હોય છે? તેમને આહારની ઈચ્છા ક્યારે થાય? તે કોણ પૂરી કરે?

૬. મહાવીર સ્વામીના કયા કલ્યાણક કયા નક્ષત્રમાં થયા?

**(૨) ખાલી જગ્યા પૂરો. (૫)**

૧. ...... અને ...... માં બેસતા બીજા આરા જેવા ભાવો સદાકાળ વર્તે છે.

૨. પાંચમા આરાને વિશે ...... ઉપવાસ તે ...... સરખો લાગશે.

૩. ઋષભદેવે...... અને ....... મળીને એક લાખ પૂર્વનો સંયમ પાળ્યો.

૪. ઉત્સર્પિણીના ચોથા આરામાં ....... મા તીર્થંકર અને ....... મા ચક્રવર્તી થશે.

૫. ...... પર્વતના મૂળમાં ...... બિલ હશે.

**(આ) કર્મપ્રકૃતિના આધારે લખો.** **(૨૫)**

**(૧) વ્યાખ્યા લખો.** **(૫)**

૧. નિકાચિત  ૨. ઘ્રાણવિજ્ઞાન આવરણ  ૩. આનુપૂર્વી  ૪. સૌભાગ્ય નામ  ૫. અમનોજ્ઞ રસ

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૭)**

૧. દર્શનાવરણીય કર્મ બીજું, મોહનીય કર્મ ચોથું અને અંતરાય કર્મ આઠમું શા માટે? (૩)

૨. નીચ ગોત્ર બંધના પહેલા ચાર કારણ લખી દર્શનાવરણીયનો અબાધાકાળ લખો. (૨×૭)

૩. વર્ગણા એટલે શું? જીવ કઈ વર્ગણાઓ ગ્રહણ કરી શકે છે?

૪. મનુષ્યઆયુષ્ય બંધના કારણો અને અંતરાય કર્મની સ્થિતિ લખો.

૫. ત્રસ દશકમાં કેટલી પ્રકૃતિ છે? તેમાંથી પહેલી પાંચ પ્રકૃતિના નામ લખો.

૬. મોહનીય કર્મ ભોગવવાના પાંચ પ્રકાર લખો. અંતરાય કર્મના લક્ષણ અને ક્યો ગુણ રોક્યો છે? તે લખો.

૭. કર્મના મુખ્ય પ્રકાર કેટલા? માત્ર નામ લખો. સૌથી વધુ ભાગ કયા કર્મને મળે છે? શા માટે?

૮. પિંડ પ્રકૃતિ એટલે શું? તે કેટલી છે? પહેલી છ પિંડ પ્રકૃતિના નામ અને તેની ઉત્તર પ્રકૃતિની માત્ર સંખ્યા લખો.

**(૩) કયા કર્મની કઈ પ્રકૃતિ છે?** **(૩)**

૧. લકવો થઈ જવો.  ૨. સુગંધી શરીર મળે.  ૩. લાડવા ખાવા હોય પણ ખાય ન શકે.

**(ઇ) સાધુ–સાધ્વીને ગોચરી વહોરાવવાને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. ગોચરી એટલે શું? કઈ સ્ત્રી સાધુ–સાધ્વીજીને વહોરાવી શકે નહિ? (૨×૨)

૨. **સાધુ–સાધ્વીને વહોરાવાય કે નહિ?** પુસ્તક, મીઠું, ખસખસ છાંટેલ લાડવો, શ્રાદ્ધની વસ્તુ

૩. આધાકર્મી એટલે શું? (૧)

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે ....**

**(૧) નીચેના પ્રશ્નોના બે થી ત્રણ લીટીમાં જવાબ લખો.** **(૮)**

૧. ભગવાને કેટલા અને કયા કયા કુળની રચના કરી?

૨. ધર્મદેશના સાંભળી કામદેવ શ્રાવકે ભગવાન પાસે શું ગ્રહણ કર્યું? તેમને નિર્ગ્રંથ પ્રવચનમાં શું ઉત્પન્ન થયું?

૩. સાધકની સાધના શું છે?

૪. ઋષભદેવ ભગવાનનો પરિવારનું વર્ણન કરો.

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૨)**

૧. હા, ભગવાન આપ સત્ય કહો છો.

૨. શિયાળ ચાલ્યા ગયા છે.

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. કરકંડુ ........ રીસ.  ૨. વિચરે ......... સુખકાર.  ૩. દેખી સોમિલ ......... તત્કાળ.

૪. ગંગદત્ત ......... મોઝાર.  ૫. શુકદેવ ......... સંથાર.

**જય – જિનેન્દ્ર**

**❋ Please conatact DSB helpline no. for online shreni study classes. 9702277914**

**❋ Please join our Telegram group. Contact DSB helpline no. 9702277914**